પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૪૨ ૨૨ એપ્રિલ, ૨૦૨૩, શનિવાર; વૈશાખ સુદ - ૦૨ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં ૧૨ સ્થાનો પર સીબીઆઈના દરોડા

## ગેરકાયદેસર ઈટિકિટના વેચાણ મામલે ઉ. પ્રદેશ, બિહાર, ગુજરાત સહિત ૧૨ જગ્યા પર સીબીઆઈના દરોડા : તપાસમાં ડિજિટલ ડિવાઈઝ, ગેરકાયદેસર સોફ્ટવેરવાળા મોબાઈલ તેમજ કેટલાક દસ્તાવેજોને જપ્ત કરાયા




નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્રિય તપાસ એજન્સી આઈઆરસીટીસી વેબસાઈટ પરથી ગેરકાયદેસર રીતે રિઝર્વેશન કરેલી ઈ ટિકિટના વેચાણના મામલે તપાસ કરી રહી છે. આ માટે એજન્સી ગઈકાલે ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, મધ્ય પ્રદેશ અને દિલ્હી સહિત ૧૨ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

કેન્દ્રિય તપાસ એજન્સીની તપાસ દરમિયાન ડિજિટલ ડિવાઈઝ, ગેરકાયદેસર સોફ્ટવેરવાળા મોબાઈલ તેમજ કેટલાક કેટલાક દસ્તાવેજોને કબ્જે કર્યા હતા. એજન્ટ ટિકિટ ખરીદવા માટે મેન્યુઅલ એન્ટ્રીની પ્રક્રિયાથી બચવા માટે ગેરકાયદેસર સોફ્ટવેરનો ઉપયોગ કરતા હતા. સીબીઆઈએ આ મામલમાં સામેલ લોકોની તપાસ કરીને દરોડા પાડવામાં આવ્યા હતા.

સુત્રોમાંથી માહિતી મુજબ આ મામલે એક માર્ચ ૨૦૨૧ના રોજ દિલ્હીમાં એક ફરિયાદ કરવામાં નોંધાવી હતી. આ ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો હતો કે આરોપીઓમાંથી કોઈ એક વ્યક્તિએ આઈઆરસીટીસી તેમજ રેલ્વેની મંજૂરી વગરની એપ અને વેબસાઈટ દ્વારા ઈ-ટિકિટ બુક કરાવી હતી. આ ટિકિટ બુક

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ઘટાડાના સંકેત

**કેન્દ્રએ ગત મે મહિનામાં પેટ્રોલ-ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી, ચૂંટણી નજીક આવતી હોવાથી લોકોને રાહત મળી શકે**

નવી દિલ્હી, તા.૨૧

દેશમાં લગભગ એક વર્ષ બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ગત વર્ષે એપ્રિલમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફેરફાર કર્યો હતો. ત્યારબાદ કેન્દ્રએ મે મહિનામાં પેટ્રોલ-ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી. ત્યારબાદ દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી. જ્યારે આ સમયગાળા દરમિયાન ક્રુડ ઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો. હાલ દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રતિ લીટર ૯૬.૭૨ રૂપિયા અને ડીઝલની કિંમત ૮૯.૬૨ રૂપિયા છે. ઘણા શહેરોમાં પેટ્રોલની કિંમતો પ્રતિ લીટરે ૧૦૦ રૂપિયાથી વધુ છે. જોકે ચૂંટણી નજીક આવતી હોવાથી લોકોને પેટ્રોલ-ડીઝલની મોંઘવારીમાંથી રાહત મળી શકે છે. આ વર્ષે ઘણા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે અને ત્યારબાદ આવતા વર્ષે દેશમાં સામાન્ય ચૂંટણીઓ યોજાશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઓઈલ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલ પર જુના નુકસાનની ચૂકવણી કરી દીધી છે. ઓઈલ કંપનીઓને

● અનુસંધાન પાન-૭ પર

**પ્રવાસી મજૂરોને ત્રણ મહિનાની અંદર**

# રાશન આપવા સરકારોને સુપ્રીમ કોર્ટનો આદેશ

## દરેક નાગરિક કલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત થવા જોઈએ અને કહ્યુ કે કલ્યાણકારી રાજ્યમાં, સરકારનું આ કર્તવ્ય છે કે તે લોકો સુધી પહોંચે

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે ગુરુવારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૩ મહિનાની અંદર સરકારી પોર્ટલ પર રજીસ્ટર્ડ પ્રવાસી મજૂરોને રાશન કાર્ડ આપી દેવા માટે કહેવાયું છે, જેથી રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ અંતર્ગત લાભ ઉઠાવી શકે. જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની પીઠે કહ્યું કે પોર્ટલ પર રજીસ્ટર્ડ પ્રવાસી મજૂરોને રાશન કાર્ડ આપવાનો વ્યાપક પ્રચાર કરવામાં આવે. પીઠે પોતાના આદેશમાં કહ્યુ કે, અમે સંબંધિત રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને બાકી રહેલા રાશન કાર્ડ આપીને અને પોર્ટલ પર પ્રવાસીઓને રજીસ્ટર્ડ કરવા માટે ૩ મહિનાનો સમય આપે છે. સંબંધિત અધિકારી કલેક્ટરોને સૂચિત કરે, જેથી એનએફએસએ અંતર્ગત વધારેમાં વધારે લાભ ઉઠાવી શકે. આ મામલામાં આગામી સુનાવણી ૩ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ થશે. વડી અદાલતે પોતાનો આદેશ અરજીકર્તાઓ અંજલિ ભારદ્વાજ, હર્ષ મંદર અને જગદીપ છોક્કર દ્વારા દાખલ કરેલી અરજી પર આવ્યો, જેમણે માગ કરી હતી કે, એનએફએસએ અંતર્ગત રાશનના કોટા ઉપરાંત પણ પ્રવાસી મજૂરોને રાશન આપવામાં આવે. કોર્ટે ૧૭



એપ્રિલે કહ્યુ હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે ફક્ત એ આધાર પર પ્રવાસી મજૂરોને રાશન કાર્ડ આપવાની ના પાડી હતી કે, એનએફએસએ અંતર્ગત જનસંખ્યા અનુપાતને ઠીક બરાબર બનાવી રાખી નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, દરેક નાગરિકે કલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત થવા જોઈએ અને કહ્યુ કે કલ્યાણકારી રાજ્યમાં, સરકારનું આ કર્તવ્ય છે કે તે લોકો સુધી પહોંચે.

## દેશમાં ૧૧,૬૯૨ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૨૧

દેશમાં કોરોના વાયરસના નવા કેસોથી લોકોમાં ફરી ચિંતા વધારી રહ્યો છે. દેશમાં રોજ બે લાખથી વધુ લોકોની કોરોના તપાસ કરવામાં આવી રહી છે. કોરોનાના નવા કેસનો આંકડો હજુ વધી શકે તેવી સંભાવના છે. દેશમાં છેલ્લા એક મહિનામાં દૈનિક મૃત્યુ પામનારા લોકોની સંખ્યા બમણી થઈ ગઈ છે.

દેશમાં છેલ્લા એક મહિનામાં કોરોના સંક્રમણના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે. આ સાથે મૃત્યુઆંક ભયજનક છે. ગઈકાલે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧,૬૯૨ નવા કેસ નોંધાયા છે. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી મૃત્યુઆંક ૨૮ થયો છે. આ ઉપરાંત એક્ટિવ કેસોની સંખ્યા ૬૬,૧૭૦ છે.

દેશમાં ગયા મહિને ૨૨ માર્ચે કોરોનાના કુલ ૧૧૩૪ નવા કેસ નોંધાયા હતા. આ ઉપરાંત કોરોનાના કારણે મૃત્યુની સંખ્યા ૫ હતી. નવા કેસો સાથે વધતા મૃત્યુનો આંકડો ચિંતા વધારી રહ્યો છે.

**પાટનગર દિલ્હીની સાકેત કોર્ટની ચકચારી ઘટના**

# મહિલા પર વકીલના ડ્રેસમાં આવેલા શખ્સનો ગોળીબાર

## મહિલા પર ૪ ગોળીઓ ચલાવાઈ, મહિલાની હાલત ગંભીર, તેને સારવાર અર્થે એઈમ્સ ખસેડવામાં આવી

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીની સાકેત કોર્ટના પરિસરમાં એક મહિલાને ગોળી મારી દેવાનો મામલો સામે આવ્યો છે. આ હુમલાખોર વકીલના ડ્રેસમાં આવ્યો હોવાની માહિતી મળી રહી છે. મહિલા પર તેણે ૪ ગોળીઓ ચલાવી હતી. મહિલાની હાલત ગંભીર જણાવાઈ રહી છે અને તેને સારવાર અર્થે એઈમ્સ ખસેડવામાં આવી હતી. આ મહિલા કોર્ટમાં સાક્ષી પૂરતા આવી હતી. આરોપીની ઓળખ કોઈ હિસ્ટ્રીશિટર તરીકે થઈ હોવાની માહિતી મળી છે. શુક્રવારે દિલ્હીની સાકેત કોર્ટ પરિસરમાં કોર્ટ ખુલતાની સાથે જ ફાયરિંગની ઘટના બાદ અફરાતફરી મચી ગઈ હતી. ફાયરિંગ શરૂ થતાં જ લોકો ભયભીત થઈ ગયા અને પોતાનો જીવ બચાવવા માટે જ્યાં ત્યાં ભાગવા લાગ્યા હતા. આ દરમિયાન દિલ્હી પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક પોલીસ સૂત્રોનું કહેવું છે કે આ ઘટના બની હોવાનું નિવેદન આપવા માટે એક મહિલા આજે કોર્ટમાં પહોંચી હતી. ન્યૂ ફ્રેન્ડ્સ કોલોનીના એક કેસમાં મહિલા સાક્ષી છે. મહિલા શુક્રવારે પોતાનું નિવેદન આપવા કોર્ટમાં પહોંચી હતી.



## રશિયાએ ભૂલથી પોતાના વિસ્તારમાં ફેંક્યો બોમ્બ

નવી દિલ્હી, તા.૨૧

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ હજુ સુધી શાંતિ સ્થપાઈ નથી. રશિયાએ યુક્રેનના અનેક શહેરોને નષ્ટ કર્યા છે. હવે એ વાત સામે આવી છે કે રશિયાએ ભૂલથી પોતાના જ વિસ્તારમાં બોમ્બ ફેંકી દીધો છે. રશિયન રક્ષા મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે રશિયન ફાઈટર પ્લેને યુક્રેન નજીક તેના જ બેલગોરોડ શહેરમાં ભૂલથી બોમ્બ ફેંક્યો હતો. જેના કારણે જોરદાર ધડાકો થયો હતો. ઘણી ઈમારતોને ભારે નુકસાન થયું છે. જ્યારે કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગુરુવારે મોડી રાત્રે બેલગોરોડમાં વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો.

# ભારતમાં ૨૭ લાખ બાળકોને કોરોનાનો એક પણ ડોઝ અપાયો નથી

## રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થવાને કારણે વેક્સિન ન લેનારા લોકોની વસ્તી ભવિષ્યમાં ચેપનો સામનો કરી શકે છે

નવી દિલ્હી, તા.૨૧

ફરી એકવાર કોરોનાનો ભય પરેશાન કરવા લાગ્યો છે. દરરોજ કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં યુનિસેફે સ્વીકાર્યું છે કે કોવિડ - ૧૯ રસીના મહત્વને સમજતા ૫૫ દેશોમાંથી ભારત ટોચના ત્રણ દેશોમાં સામેલ છે. દરરોજ ૬૮,૫૦૦ બાળકો જન્મતા ભારતમાં હાલમાં ૨૭ લાખ બાળકો એવા છે જેમને કોરોના વેક્સિનનો એક પણ ડોઝ અપાયો નથી.

યુનિસેફના સ્વાસ્થ્ય નિષ્ણાત વિવેક વિરેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ભારતમાં ઝીરો ડોઝવાળા બાળકોમાંથી ૫૦ ટકા બાળકો ૧૧ રાજ્યોના ૧૪૩ જિલ્લાના છે. રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થવાને કારણે વેક્સિન ન લેનારા લોકોની વસ્તી ભવિષ્યમાં ચેપનો સામનો કરી શકે છે. જે બાળકોએ એક પણ વેક્સિન ડોઝ લીધો નથી તેનું કારણ સંભવતઃ યોગ્ય માહિતીનો અભાવ કે અન્ય સંકોચ હોઈ શકે છે.

તેની પાછળ વેક્સિનેશન બાદ થતી આડઅસર પણ જવાબદાર છે. તેથી જ આવી શંકાઓનો જવાબ ફક્ત ફ્રન્ટલાઈન વર્કરો જ આપી શકે છે. તેમણે કહ્યું કે વૈશ્વિક મહામારી દરમિયાન ૩૦ લાખ બાળકોને રસીનો એક પણ ડોઝ મળ્યો નહોતો. પરંતુ આ મામલે પ્રતિબદ્ધતા દર્શાવતા મોદી સરકારે વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન મોટાપાયે અભિયાન ચલાવી ઝીરો ડોઝવાળા બાળકોને ૨૭ લાખ સુધી ઘટાડી દીધા.

યુનિસેફે રોગપ્રતિકારક શક્તિ પર જાહેર કરેલા વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે લોકોનો અભિપ્રાય એવો હતો કે વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ના ફાટી નીકળવાના સમયે ૫૫ માંથી ૫૨ દેશોએ બાળકોને વેક્સિન આપવાનું મહત્વ સમજ્યું ન હતું. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે ૧૧૨ દેશોમાં ૨૦૧૯ અને ૨૦૨૨ વચ્ચે વિશ્વભરમાં ૬૭ મિલિયન બાળકોને વેક્સિન આપવામાં આવી ન હતી.

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર (રાજ્યકક્ષા)
સ્થાપના-૧૯૮૭ આધ્યસ્થાપક સ્વ. પ્રહલાદભાઈ શુક્લ રજી નં. ૧૮૧૬ બીજ વી-૧૩૨૫ તા. ૦૭-૧૨-૨૦૧૭ (ઓલ ઈન્ડીયા)
દ્વારા આયોજિત

ભગવાન પરશુરામ
જન્મોત્સવ નિમિત્તે
ભવ્ય શોભા યાત્રા
તા. ૨૨-૦૪-૨૦૨૩, શનિવાર
સવારે ૦૭:૩૦ થી ૧૨:૦૦
જે બ્રાહ્મણની સાથે બ્રાહ્મણ તેની સાથે
હર હર મહાદેવ - જય પરશુરામ
યાત્રા સેક્ટર-૨૮ બ્રહ્માકુમારી કેન્દ્રથી પ્રસ્થાન કરશે અને હડમતિયા હનુમાનજી મંદિર સરગાસણ ખાતે સમાપન થશે
સર્વે નગરજનોને આ ભવ્ય શોભાયાત્રામાં જોડાવા
જાહેર આમંત્રણ
ડૉ. અશ્વિનભાઈ ત્રવેદી (એડવોકેટ) મુખ્ય સંગઠક
સુનિલભાઈ ત્રિવેદી - પ્રમુખ (શહેર-જિલ્લો) મનોજભાઈ જોષી - મહામંત્રી
જીજ્ઞેશ રાવલ - યુવા પાંખના પ્રમુખ સ્મિતભાઈ વ્યાસ - યુવાપાંખના મહામંત્રી
છાયાબેન ત્રિવેદી, વોર્ડ નં.૮, કોર્પોરેટર - મહિલા પાંખના પ્રમુખ
જીતુભાઈ દવે - ખજાનચી
શોભાયાત્રાના મુખ્ય કન્વીનર
શૈલાબેન ત્રિવેદી, વોર્ડ નં.૯, કોર્પોરેટર । હેમાબેન ભટ્ટ, વોર્ડ નં.૫, કોર્પોરેટર । શિવલભાઈ અધ્વર્યુ
ભારતીબેન એ. રાવલ । શ્રીકેત ત્રિવેદી
સ્વાગત કમિટીના મુખ્ય કન્વીનર
રશ્મિનભાઈ જાની । કેતનભાઈ જોષી । કિરીટભાઈ ઉપાધ્યાય । પુજાબેન આર. જાની